| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬ / ૦૧ / ૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬ / ૦૧ / ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૭ / ૦૫ / ૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.– ૬૩/૨૦૨૬**
**આંક–**

**ફરિયાદી :–શ્રી સરકાર**

**–– //<u>વિરૂદ્ધ</u> //––**

**આરોપી :– જાલણભાઈ ઉર્ફે જાલુ રાદેવભાઈ ગોદાણી**
રહે પીપળી ચરાણ નેશ,
તા. લાલપુર જિ. જામનગર.

---

**ગુન્હો :– પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૫(એ),(એ) મુજબનો...**

---

---

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ

આરોપી તર્ફે વિ.વકીલ શ્રી એચ.એચ.જાડેજા

---

**–// <u>ચુ કા દો</u> //–**

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા. ૧૬/૦૮/૨૦૨૫ના રોજ આ કામના આરોપીને ત્યાં રેડ કરેલ હતી અને તે દરમ્યાન આરોપીના કબજામાં થી ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લિટર–૦૮ કિંમત રૂપીયા– ૧૬૦૦/– નો મળી આવેલ અને તપાસ પુર્ણ થયા પછી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હતું. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીની અટક કરેલ છે અને આરોપીને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપી જામીન મુક્ત થયેલા છે.

(૨).. આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ જેથી ચાર્જશીટના આધારે આ કામના આરોપીને ધોરણસર સમન્સ કરતા આરોપી નામદાર અદાલત સમક્ષ હાજર રહેતા તેઓને તેમની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે અને આ ગુનાના કામે આરોપી સામે તહોમતનામું આંક–૦૩ થી તહોમતનામું ફરમાવેલ છે અને આંક–૦૪ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ છે જેથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૩).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાઃ**–

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરીયાદી શક્તિસિંહ કારુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૧૦ | પંચ સાહેદ દિવ્યરાજસિંહ નટુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૧૨ | ત.ક.અમલદાર દિગ્વિજયસિંહ દાદુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | પંચનામુ |
| ૨ | ૦૯ | ફરીયાદ |

(૪).. ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખિકરીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષે રજુ પુરાવાઓ અનુસંધાને આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓને સદર કેસમાંથી નિદોર્ષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫).. ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી કે.કે.પટેલ દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોય આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૬).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુદ્દા//--**

**(૧)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીના કબજામાંથી ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર-૦૮ કિંમત રૂપીયા ૧૬૦૦/-નો રાખી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ) (એ) મુજબનો ગુનો આચરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

**-//<u>કારણો</u>//-**

**<u>મુદ્દા ન.-૧ અંગે ચર્ચાઃ</u>-**

(૮).. ફરીયાદપક્ષે આંક-૦૮ થી ફરીયાદી શક્તિસિંહ કારુભા જાડેજાને તપાસેલા છે. તેઓની જુબાની જોતા તેઓએ પોતાની સરતપાસમાં આરોપી પાસેથી મુદામાલ દારૂ મળી આવેલ હોવાનુ જણાવેલ છે. જયારે બચાવપક્ષેની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે બનાવવાળી જગ્યા ગીચ વસ્તીવાળા વિસ્તાર હોવાનુ જણાવેલ છે અને ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. જયારે સ્થળ ઉપર પંચો હાજર હતા અને આઇ.ઓ. ની સાથે જ કાર્યવાહી કરવામાં આવેલી છે તેમ છતાં પંચોના નામ શા માટે જણાવેલ નથી તે બાબતે કોઇ સ્પષ્ટતા જણાતી નથી.

(૯).. સદર કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ દિવ્યરાજસિંહ નટુભા જાડેજાને તપાસેલા છે. તેઓની જુબાની જોતા તેઓને પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ હોવાનુ જણાવેલ છે અને આ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકીકત બહાર આવેલ નથી.

(૧૦).. ફરીયાદપક્ષે આંક–૧૨ થી ત.ક.અમલદાર દિગ્વિજયસિંહ દાદુભા જાડેજાને તપાસેલા છે. તેઓની જુબાની જોતા તેઓએ પોતાની સરતપાસમાં બનાવ વખતે તેઓ અને ફરીયાદી સાથે જ પેટ્રોલીંગમાં હોવાનુ અને આરોપી પાસેથી પ્રોહીબીશનનો મુદામાલ મળી આવેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ બચાવપક્ષેની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે બનાવવાળી જગ્યા ગીચ વસ્તીવાળા વિસ્તાર હોવાનુ જણાવેલ છે અને ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. જયારે સ્થળ ઉપર પંચો હાજર હતા અને ફરીયાદીની સાથે જ કાર્યવાહી કરવામાં આવેલી છે તેમ છતાં પંચોના નામ શા માટે જણાવેલ નથી તે બાબતે કોઇ સ્પષ્ટતા જણાતી નથી.

(૧૧).. આ કામે ફરીયાદપક્ષના પડેલ પુરાવાનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરીયે તો આ કામનો બનાવ જાહેર સ્થળે એટલે કે વસ્તીવાળા વિસ્તારમાં બનેલ હોવા છતાં, ફરીયાદ પક્ષ તર્ફે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી. પોલીસ સાહેદોની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનું સર્મથન પ્રાપ્ત થયેલ નથી. તદઉપરાંત, જેમની રૂબરૂમાં આ ગુનાનો મુદ્દામાલ કબ્જે કર્યાનો ફરીયાદ પક્ષનો કેસ છે, તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર પણ સર્મથન આપતા નથી. તેમજ પંચ સાહેદોની ઉલટતપાસમાં નોંધપાત્ર વિરોધાભાસ જણાઈ આવે છે. જેથી ફરીયાદ પક્ષ પંચનામાની હકીકત ને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તે ઉપરાંત આ કામે કબ્જે લેવાયેલ મુદામાલ દારૂ હતો તે બાબતનો કોઇ રીપોર્ટ રજુ થયેલો નથી. ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્થાપિત સિદ્ધાંત એવો છે કે ફરિયાદપક્ષ પર વાજબી શંકાની બહાર પોતાનો કેસ સાબિત કરવાનો ભાર રહે છે. આ બાબતમાં, જુબાનીઓમાં રહેલી ખામીઓ અને વિસંગતતાઓ અને સ્વતંત્ર સમર્થનના અભાવને ધ્યાનમાં રાખીને,

વાજબી શંકાનો લાભ આરોપીના પક્ષમાં જ હોવો જોઈએ.આ સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરી શકેલ નથી તેવા તારણ પર હું આવુ છુ અને તેથી મુદા નં. ૧ નો જવાબ હુ નકારમાં આપુ છુ અને મુદા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-//<u>આખરી હુકમ</u>//-**

**(૧)** આ કામના આરોપી **જાલણભાઈ ઉર્ફે જાલુ રાદેવભાઈ ગોદાણીને** પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબ નાં શિક્ષાપાત્ર ગુના માથી બી. એન. એસ. એસ.ની કલમ ૨૫૧ (ક્રિ.પ્રો. કોડની કલમ- ૨૪૮ (૧) ) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીના જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૯૩ (સીઆર.પી.સી.ની કલમ-૪૩૭-એ) હેઠળ છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. બીન કીંમતી મુદ્ધામાલ નો અપીલ સમય વીત્યે નાશ કરવો.

આ હુકમ આજ તા. ૦૭ માહે- મે, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ- લાલપુર.
તા.૦૭/૦૫/૨૦૨૬

**(એ.એ.વાયડા)**
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર.
યુ.આઇ.સી.નં-જી.જે.૦૦૯૮૬